सत्यमेव जयते

---

## વિરમગામનાં મહેરબાન  અધિક સિવિલ જજ સાહેબની અદાલતમાં,

## મું.વિરમગામ.

---

દાખલ તારીખ : ૩૦–૦૮–૨૦૧૭

રજી. તારીખ : ૩૦–૦૮–૨૦૧૭

ફેંસલ તારીખ : ૨૫–૦૩ –૨૦૨૬

અવધિ : ૮ વર્ષ, ૬ માસ, ૨૫ દિવસ

**નવો રેગ્યુ. દિવાની મુકદ્દમા નં.૭૭/૨૦૧૯**

**જુનો રેગ્યુ. દિવાની મુકદમા નં.૨૬/૨૦૧૭**

**આંક :– ૩૭**

ઉતર ગુજરાત વિજ કંપની લી.,

નાયબ ઈજનેરની કચેરી,

વિરમગામ શહેર પેટા વિભાગની  કચેરી, માંડલ રોડ,

મુ. વીરમગામ, જી. અમદાવાદ

**::: વાદી.**

**વિરુધ્ધ.**

ઠાકોર ભીખાજી તખાજી

ઉ.વ.આ.પુખ્ત, ધંધો : નોકરી,

રહે. ઠે.જુની મીલની ચાલી, રાજબાઈ વાવ પાસે,

મુ.વિરમગામ, જી.અમદાવાદ.

::: **પ્રતિવાદી.**

| | |
|---|---|
| **દાવો :-** | **રૂા.૩,૧૭,૭૧૪-૦૮ પૈસા પ્રતિવાદી પાસેથી વસુલ મળવા. ..** |
| **વાદી તરફે : વિ.વ.શ્રી એસ.કે.વોરા**<br>**પ્રતિવાદી તરફે : એમ.કે.સીંધવ** | |

**-:: ઠ રા વ ::-**

(૧) આ કામનાં વાદીનાં દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી કંપની ભારતીય કંપની ધારો ૧૯૫૬ અન્વયે અસ્તિત્વમાં આવેલ કંપની છે અને અગાઉ ગુજરાત વિદ્યુત બોર્ડના નામથી વીજ પુરવઠો પુરો પાડવા વિગેરેનુ કાર્ય કરતી કંપનીનો કારભાર અલગ અલગ કંપનીઓમાં વહેંચીને ગુજરાત રાજયમાં જે કંપનીઓ વીજપુરવઠો પુરો પાડવા વિગેરેના આશયથી અસ્તિત્વમાં આવેલ છે તે પૈકીની વાદી કંપની છે વાદી કંપનીની વિરમગામ શહેર પેટા વિભાગની ઓફીસ નામ. કોર્ટની હકુમતના ગામ વિરમગામમાં માંડલ રોડ ઉપર આવેલ છે.

વધુમાં વાદી જણાવે છે કે, આ કામના પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક છે અને ઘરવપરાશના હેતુ માટે વાદી કંપની પાસેથી વીજજોડાણ મેળવેલ અને તેઓનો ગ્રાહક નં. ૨૫૬૦૩/૦૫૯૮૯/૩ હતો.આ કામના પ્રતિવાદી વીજવપરાશની રકમ ભરપાઈ કરવામા ખુબ જ અનીયમીત રહેલ હોય બાકી નીકળતી રકમને કારણે પ્રતિવાદીનુ કનેકશન ડીસ્કનેકનટ કરવામાં આવેલ અને તેમને વાદી કંપનીનો વીજ વપરાશ કરવાનો કોઈ હકક કે અધિકાર હતો નહી અને છે નહી તેમ છતા વાદી કંપનીના જુનીયર એન્જીનીયરશ્રી

એમ.એ.અન્સારી તા.૦૧/૦૨/૨૦૧૬ ના રોજ સરપ્રાઈઝ ચેકીંગમાં નીકળેલ ત્યારે આ કામના પ્રતિવાદી તેમના મકાનની બાજુમા આવેલ એલ.ટી.લાઈનના થાંભલા પરથી કાળા રંગના ૨.૫ એમ.એમ. ના આશરે ૨૦ મીટર વાયર વડે આં કડી મારી વીજચોરી કરતા રંગે હાથ પકડાયેલા જે સંદર્ભમાં વાદી કંપનીના જવાબદાર અધિકારી દવારા સ્થળ ઉપર રોજકામ પણ કરવામાં આવેલ જેમાં પ્રતિવાદી એ સહી કરવાની ના પાડેલ અને આ કામનાં પ્રતિવાદીને વાદી કંપનીના ધારા ધોરણ મુજબ કરેલ વીજ ચોરી અંગે ગણતરી કરી રૂા.૩,૦૦,૬૭૭–૯૨ પૈસા નું બીલ તા.૧/૧૦/૨૦૧૬ ના રોજ આપવામાં આવેલ છે.

આ કામના પ્રતિવાદી સામે પોલીસ ફરીયાદ પણ કરવામા આવેલ જેનો ગુ.ર.નં.૬૪૦૦/૧૬ છે. અને પ્રતિવાદીને લેણી પડતી રકમ અંગે વારંવાર માંગણી કરી કરાવી છતા રકમ ના ચુકવી આપતા વાદી કંપનીએ એડવોકેટ મારફતે તા.૦૮/૦૨/૨૦૧૭ ના રોજ રજી.પોસ્ટથી નોટીસ પણ મોકલેલ જે પ્રતિવાદીને મળી ગયેલ હોવા છતા કોઈ જવાબ આપેલ નથી કે રકમ વસુલ આપેલ નથી.

જેથી આ કામના પ્રતિવાદી પાસે વીજ ચોરીના બીલના રૂા.૩,૦૦,૬૭૭–૯૨ પૈસા તથા તે ઉપરના ૧૫% પ્રમાણેના તા.૩૧/૧/૨૦૧૭ સુધીના વિલંબીત ચુકવણી ચાર્જના રૂા.૧૬,૦૩૬–૧૬ પૈસા તથા નોટીસ ખર્ચના રૂા.૧૦૦૦/– મળી કુલ રૂા.૩,૧૭,૭૧૪–૦૮ પૈસાનુ લેણુ પડે છે જે રકમ સહીત વસુલ મેળવવા સારુ હાલનો દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે.

આ દાવાનું કારણ પ્રતિવાદીએ તા.૦૧/૧૦/૨૦૧૬ ના રોજ વીજ ચોરી કરતા પકડાયા ત્યારથી અને તે અરસાથી તેમજ તે અંગે રોજકામ કરવામા આવેલ ત્યારથી અને તે અરસાથી તેમજ તે અંગે વાદી કંપનીએ વીજચોરીનુ

બીલ મોકલવામા આવ્યુ ત્યારથી અને તે અરસાથી તેમજ આ કામના પ્રતિવાદી સામે ચોરી અંગેની ફરીયાદ કરેલ ત્યારથી અને તે અરસાથી તેમજ તા.૮/૨/૨૦૧૭ ના રોજ વકીલ મારફત પ્રતિવાદી પાસે લેણી પડતી રકમની માંગણી કરતી નોટીસ આપી ત્યારથી અને તે અરસાથી નામદાર કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે.

સબબ ઉપરોકત સમગ્ર હકીકતે હાલનો દાવો લાવી દાદ માંગેલ છે કે, આ કામનાં પ્રતિવાદી પાસે વીજચોરીના બીલની રૂા.૩,૦૦,૬૭૭–૯૨ પૈસા તથા તે ઉપર તા.૩૧/૧/૨૦૧૭ સુધીના ૧૫% ના વિલંબીત ચુકવણી ચાર્જના રૂા.૧૬,૦૩૬–૧૬ પૈસા તથા નોટીસના ખર્ચના રૂા.૧૦૦૦/– નુ મળી કુલ રૂા.૩,૧૭,૭૧૪–૦૮ પૈસા નુ લેણુ પડે છે તે દાવાના તમામ ખર્ચ સહીત તારીખ ૦૧/૦૨/૨૦૧૭ થી ૧૫% પ્રમાણેના વ્યાજ સહીત પ્રતિવાદીની હરેક પ્રકારની સ્થાવર, જંગમ તથા જાત–મીલકત ઉપરથી વસુલ અપાવવા વાદીનાં લાભમાં હુકમનામું કરી આપવા અને અન્ય યોગ્ય લાગે તે દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) આ દાવાના કામે પ્રતિવાદીને દાવાના સમન્સ/નોટીસની ધોરણસરની બજવણી થતા, પ્રતિવાદી તેમનાં વિધ્વાન વકીલશ્રી મારફત અદાલત સમક્ષ હાજર થયેલા અને વાદીની દાવા અરજી સામેનાં લેખીત વાંધા જવાબ આંક– ૧૮થી રજુ કરેલ છે. જે વંચાણે લેતા જેમા તેઓએ જણાવેલ છે કે, વાદીની દાવાઅરજીને ડીલેલેચીઝ અને ઈકવીટીનો સ્પષ્ટ બાધ નડે છે તેમજ નોન જોઈન્ડર ઓફ પાર્ટી તેમજ મીસ જોઈન્ડર ઓફ પાર્ટી નો બાધ નડે છે તેમજ તા. ૧/૧૦/૨૦૧૬ ના રોજ આવુ બીલ પ્રતિવાદીને કયારેય મળેલ નથી અને વાદી જે બતાવે છે તે મિલકતમા ઘણા વર્ષોથી રહેતા પણ નથી તેથી ચોરી કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને તેઓને વીજ કંપનીનો કર્મચારી કયારેગ મળેલ નથી અને તેઓ ત્યાં રહેતા

ન હોય સહી કરવાનો કોઈ પ્રશ્ન ઉપસિથત થતો નથી. આમ, પ્રતિવાદી ઉપરોકત સરનામે રહેતા ન હોઈ અને તેમની કોઈ મીલકત ન હોઈ તેમજ વીજબીલ વાપરવાનો કે ચોરી કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને પ્ર તિવાદીને કોઈ નોટીસ મળેલ નથી અને આવો લેણાનો દાવો નોટીસની બજવણી થયા વગર દાખલ થઈ શકે નહી અને નોટીસ જ ન બજેલ હોય તેથી આવો દાવો દાખલ કરઈ રીતે થઈ શકે જેથી વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. મીટર ડીસકનેકટ થયાની હકીકતો વાદીએ દસ્તાવેજી પુરાવાથી સાબીત કરવી જોઈએ અને ઉપરોકત મીટર પ્રતિવાદીએ કયારેય વાપરેલ નથી . સદર મહોલ્લાના કોઈ રહીશો સદર ઈસમને ઓળખતા નથી કે ઓળખી બતાવતા નથી. વાદીએ ખોટી અને ઉપજાવી કાઢેલ હકીકતો ઘડીને ખોટુ લેણુ ઉભુ કરી ખોટો દાવો કરેલ છે. વાદીની કોઈ લેણી રકમ પ્રતિવાદી પાસે કયારેય લેણી નીકળતી નથી. આમ વાદીનો દાવો તદ્દન ખોટો, બનાવટી અને ઉપજાવી કાઢેલી હકીકત વાળો હોય દાવો ખર્ચ સાથે રદ કરવા અરજ કરેલ છે.

(૩) સદર કામમાં વાદીએ તેઓનાં દાવાનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**-: <u>મૌખિક પુરાવા</u> :-**

| ક્રમ. | સાહેદનું નામ. | આંક |
|---|---|---|
| ૧. | વાદી પીયુષભાઈ ડાહ્યાભાઈ હાલાણીનું પુરાવાનું સોગંદનામું.(નાયબ ઈજનેર,વિરમગામ ટાઉન સબ ડીવીઝન). | ૨૪ |

**-: <u>દસ્તાવેજી પુરાવા</u> :-**

| ક્રમ. | દસ્તાવેજ. | આંક |
|---|---|---|
| ૧. | સ્થળ રોજકામની ઝેરોક્ષનકલ | ૨૭ |

| | | |
|---|---|---|
| ૨. | પ્રતિવાદીને આપવામા આવેલ વીજ ચોરીનુ બીલની ઝેરોક્ષનકલ | ૨૮ |
| ૩. | રોજકામની ઝેરોક્ષનકલ | ૨૯ |
| ૪. | ફોટોગ્રાફસની ઝેરોક્ષનકલ | ૩૦ |
| ૫. | પ્રતિવાદીની સામે ફરીયાદ દાખલ કરવા જી.યુ.વી.એન.એલ.ને કરેલ પત્રની નકલ | ૩૧ |
| ૬. | એનેક્ષર શીટ સી ની ઝેરોક્ષનકલ | ૩૨ |
| ૭. | પ્રતિવાદીને આપવામા આવેલ નોટીસ | ૩૩ |
| ૮. | પ્રતિવાદીને આપવામા આવેલ નોટીસ પરત આવેલ તે બીડો | ૩૪ |

ત્યારબાદ વાદી તરફે વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય આં ક– ૩૫થી પુરાવો પુરો થયાની કલોર્જીંગ પુરશીસ રજુ કરવામાં આવેલ છે.

**(૪)** ત્યારબાદ પ્રતિવાદી તરફે વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય આંક–૩૬થી પુરાવો પુરો થયાની કલોજીંગ પુરશીસ રજુ કરવામાં આવેલ છે.

**(૫)** સદર દાવાનાં કામે વાદી તરફે વિ.વ.શ્રીની વિસ્તૃત દલીલો સાં ભળી તેમજ પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી ની દલીલો સાંભળી.

**વાદી તરફે દલીલ:–**

સદર કામે વાદીના વિ.વ.શ્રીનાઓએ મૌખિક દલીલો કરી રજુઆત કરેલ છે કે સદર કામના પ્રતિવાદી તેમની કંપનીના ગ્રાહક ન હોવા છતા તા. ૧ /૨/૨૦૧૬ ના રોજ જુનીયર એન્જીનીયરશ્રી ચેકીંગ પર નીકળેલ હતા ત્યારે આ કામના પ્રતિવાદી ગેરકાયદેસર રીતે વીજવપરાશ કરતા હોવાનુ જણાયેલ અને વીજ ચોરી કરતા પકડાયેલ અને જે અંગે વાદી કં પનીએ રોજકામ પણ કરેલ અને સદર વીજચોરી અંગે પ્રતિવાદીને બીલ આપવામા આવેલ છે અને તે અંગેની નોટીસ પણ મોકલવામા આવેલ છે.

ચેકીંગ અધીકારીને પ્રતિવાદી સાથે કોઈ પુર્વગ્રહ હોય તેવુ કાઈ જણાઈ આવતુ નથી. આમ પ્રતિવાદીને વીજ વપરાશ કરવાનો કાયદેસર હક ન હોવા છતા વીજવપરાશ કરેલ છે જે ગેરકાયદેસર છે. જેથી હાલના વાદીનો દાવો મંજુર કરવા અરજ કરેલ છે.

**પ્રતિવાદીની દલીલ:–**

સદર કામે પ્રતિવાદીના વિ.વ.શ્રી દવારા મૌખિક દલીલો કરેલ છે અને પોતાના આંક–૧૮ થી રજુ જવાબને સમર્થન આપેલ છે અને જણાવેલ છે કે વાદીની દાવાઅરજીને ડીલેલેચીઝ અને ઈકવીટીનો સ્પષ્ટ બાધ નડે છે તેમજ તેમજ નોન જોઈન્ડર ઓફ પાર્ટી તેમજ મીસ જોઈન્ડર ઓફ પાર્ટી નો બાધ નડે છે તેમજ તા. ૧/૧૦/૨૦૧૬ ના રોજ આવુ બીલ પ્રતિવાદીને કયારેય મળેલ નથી અને વાદી જે બતાવે છે તે મિલકતમા ઘણા વર્ષોથી રહેતા પણ નથી તેથી ચોરી કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને તેઓને વીજ કંપનીનો કર્મચારી કયારેગ મળેલ નથી અને તેઓ ત્યાં રહેતા ન હોય સહી કરવાનો કોઈ પ્રશ્ન ઉપસિથત થતો નથી. આમ, પ્રતિવાદી ઉપરોકત સરનામે રહેતા ન હોઈ અને તેમની કોઈ મીલકત ન હોઈ તેમજ વીજબીલ વાપરવાનો કે ચોરી કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી અને પ્રતિવાદીને કોઈ નોટીસ મળેલ નથી અને આવો લ ેણાનો દાવો નોટીસની બજવણી થયા વગર દાખલ થઈ શકે નહી અને નોટીસ જ ન બજેલ હોય તેથી આવો દાવો દાખલ કરઈ રીતે થઈ શકે જેથી વાદીનો દાવો રદ થવાને પાત્ર છે. મીટર ડીસકનેકટ થયાની હકીકતો વાદીએ દસ્તાવેજી પુરાવાથી સાબીત કરવી જોઈએ અને ઉપરોકત મીટર પ્ર તિવાદીએ કયારેય વાપરેલ નથી . સદર મહોલ્લાના કોઈ રહીશો સદર ઈસમને ઓળખતા નથી કે ઓળખી બતાવતા નથી. વાદીએ ખોટી અને ઉપજાવી કાઢેલ હકીકતો ઘડીને ખોટુ લેણુ ઉભુ કરી ખોટો

દાવો કરેલ છે. વાદીની કોઈ લેણી રકમ પ્રતિવાદી પાસે કયારેય લેણી નીકળતી નથી. વાદીએ પુરાવામા રજુ રાખેલ દસ્તાવેજો બધી ઝેરોક્ષ છે અને પુરવાર કરેલ ન હોય જેથી પુરાવામા વંચાણે લેવામા આવે શકાય નહી. આમ વાદીનો દાવો તદ્દન ખોટો, બનાવટી અને ઉપજાવી કાઢેલી હકીકત વાળો હોય દાવો ખર્ચ સાથે રદ કરવા અરજ કરેલ છે.

(૬) આમ, ઉપરોકત હકીકતે સદરહું દાવાનાં ન્યાયીક નિર્ણય માટે આંક–૧૯ થી નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલા છે.

**–:: મુદ્દા ::–**

1. Whether the Plaintiff proves that the Plaintiff company is entitled to receive Rs. 3,17,714.08 from the defendant on account of the eletricity theft including delay payment charges and notice charges?
2. Whether the Plaintiff company is entitled to get interest ? if yes, what amount and for which period?
3. Whether the plaintiff company is entitled to get the relief as prayed for ?
4. What order and Decree?

(૭) પ્રસ્તુત મુદાઓ અંગેનાં મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. નકારમાં

૩. નકારમાં

૪. આખરી હુકમ મુજબ.

આમ દાવાનાં નિકાલ માટે ઉપસ્થિત કરવામાં આવેલાં આંક–૧૯ ના મુદાઓ સંબંધે નાં મારા ન્યાયીક નિર્ણય અંગે નાં કારણો ની ચર્ચા નીચે મુજબ કરુ છું.

**<u>–:કારણો:–</u>**

**<u>મુદ્દા નં.૧ થી ૩ :–</u>**

(૮) આ કામે મુદ્દા નં.૧ થી ૨ ની હકીકત અને કાયદાની દ ષ્ટીએ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય અને હકીકતોનું પુનરાવર્તન ન થાય તે હેતુથી સદર મુદ્દાઓની સંયુકત રીતે ચર્ચા કરવામાં આવે છે.

દીવાની દાવાઓમાં જે પક્ષકાર જે હકીકત નું અસ્તિ્વ હોવાનું અદાલત સ્વીકારે તેવું ઈચ્છતી હોય તેણે તેવી હકીકતો નાં અસ્તિત્વ અંગે નો પુરાવો ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૧૦૧ તથા ૧૦૨ મુજબ રજુ કરીને તેવી હકીકતો પુરવાર કરવી જોઈએ. હાલનાં આ દાવાને લાગે વળગે છે ત્યાં સુધી વાદી ઉપર તેમના દાવાની હકીકત નું અસ્તિત્વ હોવાનું પુરવાર કરવાની જવાબદારી છે. તેથી વાદીએ તેમના દાવાની હકીકતો પુરવાર કરવી જોઈએ. ત્યારબાદ જ વાદીના પુરાવાનું ખંડન કરવાની જવાબદારી અને સાબિતીનો બોજ પ્રતિવાદીની શીરે રહે છે.

(૦૯) આ કામે વાદી પિયુષભાઈ ડાહ્યાભાઈ હાલાણી તેમના પુરાવાનું સોગંદનામું આંક–૨૪ થી રજુ કરેલ છે. જેમાં તેઓએ દાવાની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે. તેઓએ જણાવેલ છે કે, પ્રતિવાદી તેમના ગ્ર ાહક નથી અને વાદી કંપનીનો વીજપુરવઠો મેળવવા હકકદાર નથી. વાદી કં પનીના જુનીયર એન્જીનીયરશ્રી એમ.એ.અન્સારી તા.૧/૦૨/૨૦૧૬ ના રોજ સરપ્રાઈઝ ચેકીંગમાં નીકળેલ ત્યારે આ કામના પ્રતિવાદી તેમના મકાનની બાજુમા આવેલ એલ.ટી.લાઈનના થાંભલા પરથી કાળા રંગના ૨.૫ એમ.એમ. ના આશરે ૨૦ મીટર વાયર વડે આંકડી મારી વીજચોરી કરતા રંગે હાથ પકડાયેલા જે સંદર્ભમાં વાદી કંપનીના જવાબદાર અધિકારી દવારા સ્થળ ઉપર રોજકામ પણ કરવામાં આવેલ જેમાં પ્રતિવાદી એ સહી કરવાની ના પાડેલ અને આ કામનાં પ્રતિવાદીને વાદી કંપનીના ધારા ધોરણ મુજબ કરેલ વીજ ચોરી અં

ગે ગણતરી કરી રૂા.૩,૦૦,૬૭૭–૯૨ પૈસા નું બીલ તા.૧/૧૦/૨૦૧૬ ના રોજ આપવામાં આવેલ છે.

આ કામના પ્રતિવાદી સામે પોલીસ ફરીયાદ પણ કરવામા આવેલ જેનો ગુ.ર.નં.૬૪૦૦/૧૬ છે. અને પ્રતિવાદીને લેણી પડતી રકમ અંગે વારંવાર માંગણી કરી કરાવી છતા રકમ ના ચુકવી આપતા વાદી કંપનીએ એડવોકેટ મારફતે તા.૦૮/૦૨/૨૦૧૭ ના રોજ રજી.પોસ્ટથી નોટીસ પણ મોકલેલ જે પ્રતિવાદીને મળી ગયેલ હોવા છતા કોઈ જવાબ આપેલ નથી કે રકમ વસુલ આપેલ નથી. જેથી હાલનો દાવો કરેલ છે.

સદર વાદીની પ્રતિવાદીના વિ.વ.શ્રી દવારા કરવામા આવેલ ઉલટતપાસમા એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે આંક–૨૭ વાળી રોજકામનની ખરી નકલ આ કામે રજુ કરેલ નથી તેમજ આંક–૨૮ વાળી બીલની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે અસલ આ કામે રજુ કરેલ નથી તેમજ આંક–૨૯ નુ રોજકામ પણ અસલ રજુ કરેલ નથી ઝેરોક્ષ કોપી રજુ કરેલ છે તેમજ આંક–૩૦ વાળા ફોટા અસલ રજુ કરેલ નથી ઝેરોક્ષ્ન રજુ કરેલ છે તેમજ આંક–૩૧ વાળી ફરીયાદ અસલ રજુકરેલ નથી ઝેરોક્ષ કોપી રજુ કરેલ છે તેમજ આંક–૩૨ વાળી ગણતરી સીટ પણ અસલ રજુ કરેલ નથી ઝેરોક્ષ કોપી રજુ કરેલ છે તેમજ બનાવવાળી જગ્યાએ ગયેલ જ નથી. એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે ચેકીંગના સ્થળની તેમને કોઈ જાતમાહીતી નથી અને તેમની હાજરીમા થયેલ નથી.

**(૧૦)** આ કામે વાદીએ પ્રતિવાદી પાસેથી વીજ ચોરીની લેણી રકમની માંગણી કરેલ છે અને સદર હકીકત પ્રસ્થાપિત કરવા માટે આંક–૨૪ થી નાયબ ઈજનેરશ્રીનાઓનું પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે. જે સોગંદનામામાં વાદી સાહેદે દાવા અરજી મુજબની હકીકતો જણાવેલ

છે અને તેઓએ જણાવેલ છે કે, આ કામે વાદી કંપનીનાં પ્રતિવાદી પાસે ગણતરી કર્યા મુજબ ડીલે પેમેન્ટ ચાર્જ સહિતની રકમ બાકી લેણા રહે છે. વાદીએ પોતાનો કેસ પોતાના પુરાવાથી પ્રસ્થાતિ કરવો જરૂરી છે અને તે માટે વાદીએ આંક–૨૭ થી આંક–૩૪ મુજબનાં દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા છે.આંક–૨૭ થી સ્થળ રોજકામની ઝેરોક્ષ કોપી રજુ થયેલ છે.જેમાં પ્રતિવાદી વીજચોરી કરતા પકડાયેલા તે અંગે રોજકામ કરેલ છે. જેમા ચેકીંગ અધિકારીની સહી જોવા મળે છે. પરંતુ સદર કામે આ સ્થળ રોજકામની કોઈ અસલ કોપી કે ખરી નકલ રજુ કરવામા આવેલ નથી. આંક–૨૮ થી પ્રતિવાદીને વીજચોરી અંગે વાદી કંપની તરફથી આપવામા આવેલ બીલ રજુ કરવામાં આવેલ છે. જેમાં મીટર રીડરની સહી છે. વાદી કંપનીએ પ્રતિવાદીને કુલ રૂા.૩,૦૨,૯૮૩.૬૭ પૈસા લેખે વીજચોરી અંગે બીલ આપેલ છે. આક–૨૯ થી રોજકામની ઝેરોક્ષ કોપી રજુ છે જેમા ચેકીંગ કર્યાની તારીખ દર્શાવેલ છે તેમજ કર્મચારીના નામ અને સહી છે. સદર કામે ફોટોગ્રાફસની ઝેરોક્ષ કોપી રજુ છે.આંક–૩૧ થી વીજચોરીની ફરીયાદ દાખલ કરવા અંગેના પત્ર ની ઝેરોક્ષનકલ તેમજ આંક–૩૨ થી એનેક્ષર સી ની શીટની ઝેરોક્ષ નકલ રજુ કરેલ છે. આંક–૩૩ થી પ્રતિવાદીને આપવામાં આવેલ નોટીસની ઝેરોક્ષ નકલ રજુ છે જે પ્રતિવાદીના નામજોગ છે જે નોટીસમા વીજચોરીની રકમનો ઉલ્લેખ પણ કરવામાં આવેલ છે. જેમા જે પ્રતિવાદીના સરનામે મોકલવામા આવેલ છે. વધુમા સદરહુ નોટીસ વંચાણે લેતા જણાઈ ઓ છે કે તેમાં વીજચોરીના બીલ રૂા.૩,૧૬,૭૧૪.૦૮ પૈસા ની રકમ દર્શાવેલ છે. અને વધુમા તેમા વિલંબીત ચુકવણી ની રકમ પણ દર્શાવેલ છે પરંતુ સદરહુ વિલંબીત ચુકવણીની રકમ કંપનીના કયા નિયમો અનુસાર દર્શાવેલ છે તથા તેની ગણતરી કેવી રીતે કરેલ છે તે આ નોટીસથી ફલિત થતુ નથી. તેમજ આંક–૩૪ થી નોટીસનો બીડો પરત આવેલ છે તે રજુ છે.

સદર કામે રેકર્ડ જોતા આ કામે રજુ કરવામા આવેલ તમામ દસ્તાવેજી પુરાવા સ્થળ રોજકામની નકલ, વીજચોરીના બીલની નકલ, નોટીસની નકલ, ફોટોગ્રાફસની નકલ , વીજચોરીની ફરીયાદની નકલ રજુ કરવામા આવે છે પરંતુ તમામ દસ્તાવેજો ઝેરોક્ષ નકલ છે કોઈપણ દસ્તાવેજમા યુજીવીસીએલના સહી સિકકા જણાઈ આવતા નથી. પ્રતીવાદીને ઉલટતપાસમાં પુછેલ અને વાદી સ્વીકાર કરેલ છે રેકર્ડ પર એના કોઇ પુરાવા આવેલ નથી કે સેકેન્ડરી એવીડન્સ છે કે કેમ તે સ્વીકારવામાં આવેલ નથી વાદી તરફે રજુ થયેલ દસ્તાવેજો સહી સિકકાની વગરની ઝેરોક્ષ નકલ છે જે વાદીએ પુરવાર કરેલ નથી. જેથી સદર દસ્તાવેજોને આધારે પ્રતિવાદી અને યુજીવીસીએલ વચ્ચે ગ્રાહકનો સંબંધ નથી અને તેમને વીજવપરાશ કરવાનો કાયદેસર હક ન હોવા છતા તેઓએ ગેરકાયદેસર વીજ કનેકશનમાંથી વાયર નાખી વીજ વપરાશ કરેલ છે. તે હકીકત પુરવાર કરી શકાય તેમ નથી.આમ, વાદી કંપની દ્વારા રજુ થયેલ ઉપરોકત દસ્તાવેજો ધ્યાને લેવામા આવે તો તમામ દસ્તાવેજો ઝેરોક્ષ કોપી હોય, વાદી પ્રતિવાદી પાસેથી લેણી રકમ મેળવવા હકકદાર હોવાની હકીકત પુરવાર કરવામા નિષ્ફળ નીવડેલ છે.

**(૧૧)** સદર કામે વાદીએ પ્રતિવાદી પાસેથી રૂા.૩,૧૭,૭૧૪.૦૮ પૈસા પુરા ૧૫ % લેખે દાવાની તારીખથી વિલંબીત ચુકવણી ચાર્જ સહીત તેમજ દાવાનો ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવાનું વાદીના લાભમાં હુકમનામું કરવા દાવો કરેલ છે. સદર કામમાં ઉપરોકત ચર્ચા કરેલ છે તે મુજબ આ કામના પ્રતિવાદી પાસેથી બીનઅધિકૃત રીતે કરેલ વિજવપરાશ પેટે રૂા.૩,૧ ૭,૭૧૪.૦૮પૈસા પુરા વસુલાત પેટે બાકી નીકળતી હોવાની હકીકત સાબીત કરવામા નિષ્ફળ નીવડેલ હોય તેથી **મુદ્દા નં. ૧ થી ૩** નો જવાબ ''**નકારમાં**'' આપી **મુદા નં. ૪** પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-:: આ ખ રી હુ ક મ ::-**

(૧) આ કામનાં વાદીનો દાવો આથી ના મંજુર યાને રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) આ દાવાનું ખર્ચ પક્ષકારોએ પોતેપોતાનું ખર્ચ જાતે ભોગવવું.

(૩) હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજ તારીખ : ૨૫ મી, માહે : માર્ચ , સને -૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

વિરમગામ

તા. ૨૫- ૦૩ -૨૦૨૬

**(કીર્તી શર્મા)**

Judge Code-GJ 01721

અધિક સિવિલ જજ,વિરમગામ

કુ.પી.એ.પરમાર(પી.એ.)